# સફાઇ કામદાર સમુદાયની પરિસ્થિતિનો અહેવાલ

ત્રણ શહેરી વિસ્તારો

- અમદાવાદ
- ખંભાત
- પેટલાદ

ગરિમા કાર્યક્રમ
જનવિકાસ

# સફાઇ કામદાર સમુદાયની પરિસ્થિતિનો અહેવાલ

## ત્રણ શહેરી વિસ્તારો

- અમદાવાદ
- ખંભાત
- પેટલાદ

ગરિમા કાર્યક્રમ
જનવિકાસ

**સર્વે કરનાર:**

- મેહુલ જાદવ
- આકાશ પુરબીયા
- પંકજ જેઠવા
- મલ્લિકા પરમાર
- વિનુ ઝાપડીયા
- વૃષિક સોલંકી
- મુસ્તુફા મન્સૂરી
- કિશોર મુંધવા
- રશીદા અન્સારી
- શબાના શેખ
- ચંદ્રકાંત પરમાર
- ધીરજ સોલંકી
- જીતેશ જાદવ

**કોષ્ટકો બનાવનાર:**

- ફ્રેન્કલીન ક્રિશ્ચિયન

**અહેવાલ તૈયાર કરનાર:**

- વિજય પરમાર
- જીતેન્દ્ર રાઠોડ
- બ્રિન્દા પંચોલી

**ગરિમા કાર્યક્રમ - જનવિકાસ**
સી-105 , રોયલ ચિન્મય , આઈ.ઓ.સી. પેટ્રોલ પંપ સામે ,
જજીસ બંગલોઝ પાસે , બોડકદેવ ,
અમદાવાદ-380054 .
ફોન નં 079-61346500 ,
ઈમેઈલ : janvikas@janvikas.in,
વેબસાઈટ: www.janvikas.in

**ઓક્ટોબર 2021**

# અનુક્રમ


| | |
|---|---|
| પ્રસ્તાવના | 1 |
| પ્રાથમિક સર્વેક્ષણના હેતુઓ | 3 |
| પદ્ધતિ | 4 |
| મુખ્ય તારણો | 5 |
| વિગતવાર પરિણામો | 7 |
| સર્વે ફોર્મ (અનુસૂચી 1) | 26 |
| સર્વેક્ષણમાં આવરી લેવામાં આવેલ વિસ્તારોની યાદી (અનુસૂચી 2) | 28 |

# 1 પ્રસ્તાવના

જનવિકાસ છેલ્લાં 15 વર્ષથી હાથથી માનવમળ સાફ કરાવવાની અમાનવીય પ્રથા બંધ થાય અને સફાઈ કામમાં જોડાયેલ સમુદાયનો સર્વાંગી વિકાસ થાય તે માટે ગુજરાત અને અન્ય કેટલાંક રાજ્યોમાં સમુદાય આધારિત સંગઠનો અને સમુદાયના આગેવાનોને ટેકો આપવાનું કાર્ય કરે છે. ઝડપથી થઈ રહેલાં શહેરીકરણને કારણે હાથથી માનવમળ સાફ કરાવવાનો મુદ્દો વધું ગંભીર બનતો જાય છે. દર વર્ષે માત્ર અમદાવાદ શહેરમાં જ 15 થી વધું સફાઈ કામદારો ભુગર્ભ ગટર સાફ કરતાં સમયે મૃત્યુ પામે છે. નાનાં શહેરોમાં આવાં મૃત્યુ ખાળકુવાની સફાઈ દરમિયાન થતાં જોવા મળે છે.

કાયદા હેઠળ હાથથી માનવમળ સાફ કરાવવાનું કામ પ્રતિબંધિત છે, પણ વાસ્તવિકતામાં આ કામ આખા દેશમાં, ખાસ કરીને શહેરી વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં થતું જોવા મળે છે. ખુલ્લામાં મળત્યાગ આજે પણ અમદાવાદ જેવાં શહેરમાં અનેક વિસ્તારોમાં ચાલી રહ્યું છે, કારણ કે ઝુંપડપટ્ટી વિસ્તારોમાં ઘરમાં કે સામુદાયિક શૌચાલયની વ્યવસ્થા અસ્તિત્વમાં નથી અથવા યોગ્ય રીતે થઈ નથી. જે-તે વિસ્તારના સફાઈ કામદારો પાસે આવી જગ્યાઓ પર માનવમળ હાથથી સાફ કરવાની ફરજ પાડવામાં આવે છે. આ વિસ્તારોમાં સામુહિક શૌચાલયોનું બાંધકામ થયું હોય તો પણ તે વાપરવાલાયક હોતાં નથી. તેમાં પાણીનો પુરવઠો, ગટરની વ્યવસ્થા, લાઈટ, દરવાજા જેવી પ્રાથમિક સગવડ પણ નથી હોતી, એટલે સ્થાનિક રહેવાસીઓ આવાં શૌચાલયોની આજુબાજુની ખુલ્લી જગ્યામાં જાજરૂ માટે બેસે છે. આમ અપૂરતી વ્યવસ્થાને કારણે હાથથી માનવમળ સાફ કરવાની અમાનવીય અને ગેરકાનૂની પ્રથા જળવાઈ રહે છે.

હાથથી માનવમળ સાફ કરાવવાની પ્રથા બંધ કરાવવા પહેલો કાયદો વર્ષ 1993 માં ભારત સરકાર દ્વારા બનાવવામાં આવેલો, જેનું નામ હતું માથે મેલું સાફ કરવા કામે રાખવાં અને સુકા (પાણીની સગવડ વગરના) શૌચાલયના બાંધકામ પર પ્રતિબંધનો કાયદો. આ કાયદાનું અમલીકરણ સમગ્ર ભારતમાં થયું નહીં અને અમાનવીય પ્રથા ચાલું રહી. બીજો કાયદો વર્ષ 2013 માં બનાવવામાં આવ્યો, જે હાથથી માનવમળ સાફ કરવા કામે રાખવાં પર પ્રતિબંધ અને તેમના પુનર્વસનનો કાયદો કહેવાયો. આ કાયદો અલગ - અલગ પ્રકારના માનવમળ સાફ કરાવવાના કામને પ્રતિબંધિત કરે છે. આ કાયદા હેઠળ ખુલ્લામાં થયેલાં માનવમળની સફાઈ, ગટર કે ખાળકુવાનું જોખમી કામ, રેલ્વેના પાટા પર પડેલ માનવમળની સફાઈ આ બધાં કામ હાથેથી, મશીન કે સાધનોના ઉપયોગ વગર કરાવવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આવું કામ કોઈ વ્યક્તિ પાસે કરાવવું એ કાયદા હેઠળ ગુન્હો બને છે જે સજાને પાત્ર છે.

સફાઈ કામદાર સમુદાય અલગ - અલગ પ્રદેશોમાં અલગ - અલગ નામે ઓળખાય છે અને તેમનું મુખ્ય કામ સફાઈ, મરેલા પ્રાણીઓનો નિકાલ, દવાખાનામાં સફાઈ તેમજ બિનવારસી લાશ અને ઓપરેશન બાદ નીકળેલા રોગગ્રસ્ત માનવ અંગોનો નિકાલ, ખુલ્લી કે ભૂગર્ભ ગટરો અને ખાળકુવાની સફાઈ, ખુલ્લામાં પડેલા માનવમળની સફાઈ વગેરે છે. આ સમુદાય (મુખ્યત્વે વાલ્મિકી સમાજ) જ્ઞાતિના માળખામાં સાવ નીચે છે અને તેમની સાથે ઘણીવાર જાનવર/ પ્રાણી કરતાં પણ ખરાબ / બદતર વ્યવહાર કરવામાં આવે છે. શિક્ષણ અને સરકારી નોકરીઓમાં અનામત હોવાં છતાં વાલ્મિકી સમાજને વધું ફાયદો થયો નથી. તેમની પોતાના હક્કો અને અધિકારો તેમજ વિકાસના સંસાધનો સુધીની પહોંચ ઘણી ઓછી છે.

વર્ષ 2020 માં જનવિકાસે માનવમળ સાફ કરવાનું કામ બંધ થાય અને અમદાવાદ શહેર અને આણંદ જીલ્લાના ખંભાત અને પેટલાદમાં રહેતા સફાઈ કામદારો અને તેમના પરિવારોનો સર્વગ્રાહી વિકાસ થાય તે માટે પાંચ વર્ષનું આયોજન કર્યું. આ પ્રકારના લાંબાગાળાના આયોજનને સફળ કરવા જે સ્તરથી શરૂઆત કરી છે તે જાણવું જરૂરી છે. સમાજના થોડા વ્યક્તિઓના અભિપ્રાય પર આધાર રાખવાને બદલે આ અભ્યાસ દ્વારા વધું પરિવારોની માહિતી મેળવી તટસ્થ અભિપ્રાય બનાવવો જરૂરી હતો, જેથી અમારૂં આયોજન પાક્કું થાય. સફાઈ કામમાં જોડાયેલ સમાજની પરિસ્થિતિના આંકલન માટે અમે 6000 પરિવારના સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને આરોગ્યના પાસા તેમજ નાગરિક તરીકે તેમની અધિકારો સુધીની પહોંચનું સર્વેક્ષણ કરવાનું નક્કી કર્યું. આ સર્વેક્ષણ જનવિકાસના કાર્યક્રમનું આયોજન કરવામાં અને સરકાર પાસે યોગ્ય નીતિ ઘડાવવામાં ઉપયોગી થશે.

# 2 સર્વેક્ષણના હેતુઓ

વર્ષ 2002 થી જનવિકાસના ગરિમા કાર્યક્રમ દ્વારા સફાઇ કામદાર સમુદાય સાથે શરૂ થયેલા કામનો વિસ્તાર મુખ્યત્વે અમદાવાદ શહેરના પશ્ચિમ ભાગમાં હતો. વર્ષ 2020 થી કાર્યક્રમની કામગીરી અમદાવાદ શહેરના અન્ય વિસ્તારો, ખંભાત અને પેટલાદ નગરમાં વિસ્તારવામાં આવી. હાલમાં સામાજિક અને આર્થિક સ્થિતિ કેવી છે તે જાણવાં નીચે જણાવેલા હેતુઓ સાથે અમે આ સર્વેક્ષણ કર્યું હતુંઃ

- વ્યક્તિગત અધિકારો અને હક્કો સુધી સફાઇ કામદાર સમુદાયના લોકોની પહોંચ કેટલી છે, તેમાં શું ઉણપ છે, તે જાણવું. આ જાણ્યા બાદ અમે જે વિસ્તાર કક્ષાના અધિકાર પ્રાપ્તિ સેવા કેન્દ્રો ઉભા કર્યા છે તેના દ્વારા સમુદાયને અધિકારની પ્રાપ્તિ માટે મદદ કરી શકાય.
- સફાઇ કામદાર સમુદાયનો વસવાટ હોય તેવા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ જેવી કે પાક્કા મકાન, શૌચાલય, પાણી, રાંધણ ગેસ વગેરેની શું સ્થિતિ છે તે જાણવું. આ પ્રાથમિક સુવિધાઓ મેળવવા કામ કરી શકે તેવાં સ્વૈચ્છિક આગેવાનોનું અમે ક્ષમતાવર્ધન કરીશું.
- સમુદાયમાં શિક્ષણ, આરોગ્ય અને રોજગારીની શું પરિસ્થિતિ છે તે જાણવું.
- સફાઈ કામથી સમુદાયના આરોગ્ય (રોગો, મૃત્યું, સરેરાશ આયુષ્ય વગેરે) પર શું અસર થાય છે તે ચકાસવું.
- સફાઈ કામદાર સમુદાય પાસે નાણાં માટેના કયા કયા સ્રોતો છે અને ખર્ચની કઈ કઈ પ્રાથમિકતા છે તે જાણવું.
- આ સર્વેક્ષણના પરિણામો જાણીને સફાઈ કામમાં જોડાયેલ સમુદાયના જીવનધોરણમાં બદલાવ લાવવાં માટે મહાનગરપાલિકા, નગરપાલિકા અને રાજ્ય કક્ષાએ સરકારી વિભાગો અને અધિકારીઓ સાથે સંવાદો કરવાં.
- માહિતી એકત્ર કરી, તેનું વિશ્લેષણ કરીને કાર્યક્રમની રણનીતિ બનાવવી, જેથી સફાઇ કામદાર સમુદાયની પહોંચ આરોગ્યની સગવડો, શિક્ષણ, કૌશલ્યલક્ષી તાલીમ, આવાસના અધિકાર, ધિરાણની સગવડ માટે વધે અને દેશના નાગરીક તરીકેના અધિકારોની પ્રાપ્તિ થાય. જે-તે વિસ્તારની પરિસ્થિતિ વિષે નક્કર માહિતી મેળવીને અમે ત્યાં રહેતા સમુદાયની અધિકારો સુધી પહોંચ વધારવા માંગીએ છીએ.

# 3 સર્વેક્ષણની પદ્ધતિ

સર્વેક્ષણ માટે નીચે જણાવેલ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

- શરૂઆતમાં ગરિમા કાર્યક્રમના 3 અનુભવી સભ્યોએ સર્વેક્ષણનું ફોર્મ તૈયાર કર્યું હતું. સર્વેક્ષણનું મહત્વ, વિષયવસ્તુ અને સર્વેક્ષણની પદ્ધતિની સમજ માટે ટીમના તમામ સભ્યો સાથે ૧ દિવસની કાર્યશાળા યોજવામાં આવી હતી. આ કાર્યશાળામાં ફોર્મ પર ચર્ચા કરીને તેમના અભિપ્રાયોને ઉમેરવામાં આવ્યાં હતાં. ટીમના સભ્યો દ્વારા 50 પરિવારોનું સર્વેક્ષણ કર્યું. જે ત્રુટી હતી તેને સુધારીને સર્વેક્ષણનું નવું ફોર્મ તૈયાર કર્યું અને પછી દરેક વિસ્તારમાં સફાઇ કામ સાથે જોડાયેલ સમુદાયનું સર્વેક્ષણ શરૂ કર્યું.
- નક્કી કર્યા મુજબ સર્વેક્ષણ ફક્ત સફાઈ કામમાં જોડાયેલ પરિવારોનું જ કરવાનું હતું. આ સર્વેક્ષણમાં થોડા વાલ્મિકી સિવાયના સમુદાયના લોકો પણ મળ્યા, જે સફાઈ કામમાં જોડાયેલ છે.
- અમારી ટીમના સભ્યોએ અમદાવાદના 6 વિસ્તારો વેજલપુર, થલતેજ, નરોડા, અમરાઈવાડી, ગોમતીપુર અને ખોડિયારનગરમાં સફાઈ કામ સાથે જોડાયેલ સમુદાયની વસ્તી વધારે વસવાટ કરે છે તેવી ઝુંપડપટ્ટી અને વિસ્તારોની ઓળખ કરી. તે જ રીતે ખંભાત અને પેટલાદના શહેરી વિસ્તારો અને આજુબાજુના ગામોની પસંદગી કરવામાં આવી. ટીમના સભ્યોએ અમદાવાદ શહેર, ખંભાત અને પેટલાદના કુલ 5265 પરિવારોનું સર્વેક્ષણ કર્યું, જેમાં 23,143 વ્યક્તિઓનો સમાવેશ થાય છે.
- કોરોના મહામારીએ અમારા કામને ઘણી વિપરીત અસર કરી. વર્ષ 2020 ના શરૂઆતના 6 મહિના કોરોનાની પ્રથમ લહેર વખતે લોક-ડાઉન, ભેગા થવા પર પ્રતિબંધ અને ટીમની સલામતીના પ્રશ્નો હતાં. જયારે પરિસ્થિતિ સુધરી, ત્યારે ટીમ ઘરે ઘરે જઈને સર્વેક્ષણ કરવા તૈયાર હતી. અમે ટીમ માટે એક દિવસની તાલીમ રાખી હતી, જેમાં થોડું અંતર રાખવું, સેનીટાઇઝરથી વારંવાર હાથ સાફ કરતાં રહેવું, સતત માસ્ક પહેરી રાખવું, ઘરની બહાર બેસી કે ઉભા રહીને જ પ્રશ્નો પૂછવા વગેરે બાબતો સમજાવવામાં આવી હતી. પડકારો અને પ્રતિબંધો છતાં અમારી ટીમના સભ્યોએ 5265 પરિવારોનું સર્વેક્ષણ ફેબ્રુઆરી 2021 માં પૂરૂં કર્યું.
- સર્વેક્ષણના દરેક ફોર્મને અલગ ક્રમ આપવામાં આવેલો અને અમારી ઓફીસ પર અમે તેની નોંધ રાખતા, જેથી ટીમના કયા સભ્ય પાસે કયા ક્રમનું ફોર્મ છે તે ખબર પડે. આ બધા ફોર્મમાં ભરવામાં આવેલ માહિતી યોગ્ય છે કે નહીં તેની ચકાસણી પણ કરવામાં આવી અને જે ફોર્મમાં અસ્પષ્ટ કે અપૂરતી માહિતી હોય તે ફરી ભરવાનું કહેવામાં આવ્યું. આમ અમે જેટલી શક્ય હોય તેટલી ભૂલોને દૂર કરી.
- SPSS નામના કોમ્પ્યુટર સોફ્ટવેરમાં બધા ફોર્મની માહિતી નાખવામાં આવી, તેના કોષ્ટકો તૈયાર કરવામાં આવ્યાં. આ કોષ્ટકોમાં મળેલ તારણોના આધારે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

# 4 મુખ્ય તારણો

- અમદાવાદ શહેર, ખંભાત અને પેટલાદના 5265 કુટુંબોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું, જેમાં 23,143 વ્યક્તિઓનો સમાવેશ થાય છે.
- કુલ 17,202 (74%) વ્યક્તિઓ કામ કરી શકે તે વસ્તીમાં આવે છે, જેમાંથી 10,908 (63%) વ્યક્તિઓ કોઈપણ વ્યવસાયમાં રોકાયેલાં છે.
- 10,908 વ્યક્તિઓમાંથી 6,249 (57%) સફાઈ કે અન્ય અસ્વચ્છ કામમાં જોડાયેલાં છે. જ્યારે 4,659 (43%) વ્યક્તિઓ સફાઈ સિવાયના અન્ય કામમાં રોકાયેલ છે.
- ફક્ત 203 (4%) લોકો સ્વરોજગાર કરે છે.
- 642 (12%) કુટુંબોમાં વડા તરીકે વિધવા સ્ત્રી જવાબદારી નિભાવે છે.
- 15,115 (65%) વ્યક્તિઓનું બેંકમાં ખાતું છે જ્યારે 35% (8,028) વ્યક્તિઓના બેંક ખાતાં નથી.
- 20,182 (87%) વ્યક્તિઓનું આધાર કાર્ડ બનેલું છે જ્યારે 2,961 (13%) વ્યક્તિઓનું બનેલ નથી.
- 20,472 (88%) વ્યક્તિઓ પાસે જન્મનો દાખલો છે જ્યારે 2,671 (12%) વ્યક્તિઓ પાસે નથી.
- 18 વર્ષથી ઉપરના 16,408 વ્યક્તિઓ મતદાર કાર્ડ મેળવવા લાયક બને છે, છતાં 13,233 (81%) વ્યક્તિઓ પાસે જ મતદાર કાર્ડ છે જ્યારે 3,175 (19%) વ્યક્તિઓ પાસે યોગ્યતા હોવાં છતાં મતદાર કાર્ડ નથી.
- 18 વર્ષથી ઉપરના 16,408 વ્યક્તિઓ પાન (PAN) કાર્ડ મેળવવા લાયક બને છે, છતાં ફક્ત 7,747 (47%) વ્યક્તિઓ પાસે જ પાન કાર્ડ છે જ્યારે 8,661 (53%) વ્યક્તિઓ પાસે પાન કાર્ડ નથી.
- 23,143 વ્યક્તિઓમાંથી ફક્ત 7,410 (32%) વ્યક્તિઓ પાસે જ જાતિનું પ્રમાણપત્ર છે જ્યારે 15,733 (68%) વ્યક્તિઓ પાસે આ પ્રમાણપત્ર નથી કે જેના દ્વારા એ સરકારી યોજનાઓ અને અનામતનો લાભ મેળવી શકે.
- 5,265 કુટુંબોમાંથી ફક્ત 1,761 (33%) કુટુંબો પાસે જ આવકનો દાખલો છે જ્યારે 3,504 (67%) કુટુંબો પાસે આ દાખલો નથી.
- અસંગઠિત કામદાર ઓળખ કાર્ડ ફક્ત 36 વ્યક્તિઓ (0.42%) પાસે જ છે.
- 2,325 (44%) કુટુંબો ઝુંપડપટ્ટી કે કાચા મકાનમાં રહે છે. આમાંથી ફક્ત 13 કુટુંબો (0.55%) નો જ સમાવેશ સ્લમ સર્વેમાં થયો છે જ્યારે 2,312 (99.45%) કુટુંબોનો સર્વે થયો નથી.
- 2,200 (42%) કુટુંબો પાસે પોતાની માલિકીનું ઘર / મકાન નથી.

- છેલ્લાં 5 વર્ષમાં 1,056 પરિવારોએ આવાસ માટેની સરકારી યોજના માટે અરજી કરી છે, તેમાંથી ફક્ત 28 (3%) કુટુંબોને જ યોજનાનો લાભ મળ્યો છે.
- 4,688 (89%) કુટુંબો પાસે રાશન કાર્ડ છે જ્યારે 577 (11%) પાસે નથી.
- ફક્ત 1,065 (20%) કુટુંબો પાસે સરકારી યોજના હેઠળનું આરોગ્ય કાર્ડ છે જ્યારે 4,200 (80%) કુટુંબો તેમાંથી બાકાત છે.
- વ્યાજે પૈસા / ધિરાણ લેવાના કારણોમાં પ્રથમ ક્રમે સામાજિક કે ધાર્મિક પ્રસંગ, આરોગ્ય બીજા ક્રમે અને શિક્ષણ ત્રીજા ક્રમે આવે છે. ફક્ત 76 વ્યક્તિઓએ સ્વ-રોજગાર કે ધંધો ચાલું કરવા ધિરાણ લે છે તેવો પ્રત્યુત્તર આપ્યો.
- પૈસા ઉછીના લેવાના થાય ત્યારે પહેલો સ્ત્રોત કુટુંબીજનો/મિત્રો, નાણા ધીરનાર બીજો સ્ત્રોત, ફાઈનાન્સ કંપની ત્રીજો સ્ત્રોત, બેંકો ચોથો સ્ત્રોત અને સહકારી મંડળી પાંચમો સ્ત્રોત તરીકે બહાર આવ્યાં છે.
- નાની બીમારીઓ માટે 3,737 (71%) કુટુંબો ખાનગી દવાખાના કે હોસ્પિટલમાં જવાનું પસંદ કરે છે. 1,525 (29%) કુટુંબો સરકાર દ્વારા ચલાવાતા શહેરી આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં જાય છે.
- મોટી કે ગંભીર બીમારી માટે 5,109 (97%) કુટુંબો સરકારી હોસ્પિટલમાં જાય છે જયારે ફક્ત 153 (3%) કુટુંબો જ ખાનગી હોસ્પિટલમાં સારવાર મેળવે છે.
- સર્વેક્ષણમાં 1,296 મૃત્યુ પામેલા વ્યક્તિઓની માહિતી મળી. મૃત્યુ સમયે તેમની સરેરાશ ઉંમર 52.69 વર્ષ હતી. ભારત દેશમાં સરેરાશ આયુષ્ય 69.66 વર્ષ છે. આમ, સફાઈ કામમાં જોડાયેલ સમુદાય 17 વર્ષ ઓછું જીવે છે.
- 6 થી 14 વર્ષની ઉંમરમાં 13% બાળકો શાળાનો અભ્યાસ વચ્ચેથી છોડી દે છે.
- 15 થી 19ના વયજૂથમાં ફક્ત 783 (31%) બાળકો અભ્યાસ ચાલું રાખે છે, જયારે 1,768 (69%) બાળકો અભ્યાસ છોડી દે છે.
- 20 થી 23 વર્ષની ઉંમરના ફક્ત 100 વ્યક્તિઓ કોલેજમાં અભ્યાસ કરે છે, જયારે બહુમતી 2,242 (96%) યુવક-યુવતીઓ અભ્યાસ પડતો મૂકે છે.
- 17 થી 25 વર્ષની ઉંમરના 2,599 (51%) યુવક-યુવતીઓ ધોરણ 10માં અભ્યાસ કરે છે અથવા અભ્યાસ પૂરો કરી ચૂક્યાં છે. આ ઉંમરમાં આવતી 2,491 (49%) વ્યક્તિઓ ક્યારેય દસમાં ધોરણ સુધી પહોંચ્યા જ નથી કે દસમું ધોરણ પૂરૂં કર્યું નથી.
- ફક્ત 187 (4%) વ્યક્તિઓએ સ્નાતક સુધી અભ્યાસ કર્યો છે.

# 5 વિગતવાર પરિણામો

**કોષ્ટક 1: સર્વેક્ષણમાં સામેલ કુટુંબોની કુલ સંખ્યા**

| શહેર | વિસ્તારનું નામ | | | |
|---|---|---|---|---|
| | **અમદાવાદ** | **ખંભાત** | **પેટલાદ** | **કુલ** |
| વેજલપુર | 841 | 0 | 0 | **841** |
| થલતેજ | 935 | 0 | 0 | **935** |
| નરોડા | 789 | 0 | 0 | **789** |
| અમરાઈવાડી અને ગોમતીપુર | 1467 | 0 | 0 | **1467** |
| ખંભાત | 0 | 684 | 0 | **684** |
| પેટલાદ | 0 | 0 | 549 | **549** |
| **કુલ** | **4032** | **684** | **549** | **5265** |

- અમદાવાદ શહેર, ખંભાત અને પેટલાદ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં રહેતાં સફાઈ કામદાર સમાજના કુલ 5,265 કુટુંબોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું.
- સર્વે કરાયેલા કુલ કુટુંબોમાંથી 4,032 (77 %) કુટુંબો અમદાવાદ શહેરના છે, 684 (13 %) ખંભાતના અને 549 (10%) પેટલાદ શહેરના રહેવાસી છે.

**કોષ્ટક 2: કુલ વસ્તી**

| શહેર | વિસ્તારનું નામ | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| અમદાવાદ | વેજલપુર | 1882 | 1704 | **3586** |
| | થલતેજ | 2028 | 1912 | **3940** |
| | નરોડા | 1514 | 1477 | **2991** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 3527 | 3304 | **6831** |
| ખંભાત | ખંભાત | 1716 | 1598 | **3314** |
| પેટલાદ | પેટલાદ | 1281 | 1200 | **2481** |
| **કુલ** | | **11948** | **11195** | **23143** |

- સર્વેક્ષણમાં કુલ 23,143 વ્યક્તિઓની માહિતી એકત્ર કરવામાં આવી.
- જેટલાં વ્યક્તિઓનો સર્વે કર્યો તેમાંથી 11,948 (52%) પુરૂષ છે અને 11,195 (48%) સ્ત્રી છે.

**કોષ્ટક 3: બાળકોની સંખ્યા - 0 થી 14 ના વયજૂથમાં**

| શહેર | વિસ્તારનું નામ | છોકરાઓ | છોકરીઓ | કુલ |
|---|---|---|---|---|
| અમદાવાદ | વેજલપુર | 544 | 458 | **1002** |
| | થલતેજ | 552 | 523 | **1075** |
| | નરોડા | 332 | 345 | **677** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 817 | 690 | **1507** |
| ખંભાત | ખંભાત | 313 | 262 | **575** |
| પેટલાદ | પેટલાદ | 247 | 223 | **470** |
| **કુલ** | | **2805** | **2501** | **5306** |

- સર્વેક્ષણમાં જાણવાં મળ્યું કે કુલ સંખ્યામાંથી 5,306 (23%) બાળકો છે, જેમનો સમાવેશ 0 થી 14 વર્ષના જૂથમાં થાય છે.
- તેમાંથી 2,805 (53%) છોકરાઓ છે અને 2,501 (47%) છોકરીઓ છે. આમ, છોકરાઓ અને છોકરીઓની સંખ્યામાં 3 % નો તફાવત છે.

**કોષ્ટક 4: 10 થી 19 ની વયજૂથની સંખ્યા**

| શહેર | વિસ્તારનું નામ | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| અમદાવાદ | વેજલપુર | 433 | 380 | **813** |
| | થલતેજ | 478 | 403 | **881** |
| | નરોડા | 303 | 285 | **588** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 724 | 639 | **1363** |
| ખંભાત | ખંભાત | 312 | 277 | **589** |
| પેટલાદ | પેટલાદ | 222 | 178 | **400** |
| **કુલ** | | **2472** | **2162** | **4634** |

- સર્વેક્ષણ કરાયેલ કુલ વ્યક્તિઓમાંથી 4,634 (23%) વ્યક્તિઓ 10 થી 19 વર્ષના જૂથમાં આવે છે.
- છોકરાઓની સંખ્યા 2,472 (53%) છે અને છોકરીઓની સંખ્યા 2,162 (47%) છે. આમ, છોકરાઓના પ્રમાણમાં 6% છોકરીઓ ઓછી છે.

**કોષ્ટક 5: 15 થી 24 ના વયજૂથની સંખ્યા**

| શહેર | વિસ્તારનું નામ | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| અમદાવાદ | વેજલપુર | 473 | 414 | **877** |
| | થલતેજ | 544 | 494 | **1038** |
| | નરોડા | 401 | 335 | **736** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 792 | 726 | **1518** |
| ખંભાત | ખંભાત | 375 | 314 | **689** |
| પેટલાદ | પેટલાદ | 257 | 219 | **476** |
| **કુલ** | | **2842** | **2502** | **5344** |

- સર્વેક્ષણમાં જાણવાં મળ્યું કે 15 થી 24 વર્ષના 5,344 (23%) વ્યક્તિઓ છે.
- તેમાં 2,842 (53%) કિશોરો અને યુવાનો છે અને 2,502 (46%) કિશોરીઓ અને યુવતીઓ છે. કિશોરીઓ અને યુવતીઓનું પ્રમાણ 6 % ઓછું છે.

**કોષ્ટક 6: રોજગાર યોગ્ય વ્યક્તિઓની સંખ્યા - 15 થી 64 વર્ષનું વયજૂથ**

| શહેર | વિસ્તારનું નામ | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| અમદાવાદ | વેજલપુર | 1329 | 1233 | **2562** |
| | થલતેજ | 1457 | 1373 | **2830** |
| | નરોડા | 1157 | 1112 | **2269** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 2611 | 2508 | **5119** |
| ખંભાત | ખંભાત | 1305 | 1220 | **2525** |
| પેટલાદ | પેટલાદ | 981 | 916 | **1897** |
| **કુલ** | | **8840** | **8362** | **17202** |

- 15 થી 64 વર્ષની ઉંમરના રોજગાર યોગ્ય 17,202 (74%) વ્યક્તિઓનો સમાવેશ થાય છે.
- આ રીતે 8,840 (51%) પુરૂષો અને 8,362 (49%) સ્ત્રીઓ રોજગાર યોગ્ય ઉંમરમાં ગણી શકાય.
- સર્વેક્ષણમાં જાણવાં મળ્યું કે આ વયજૂથમાં કુલ 10,908 વ્યક્તિઓ (7,141 પુરૂષો અને 3,767 સ્ત્રીઓ) સફાઈ કામ કે અન્ય કામમાં જોડાયેલા છે.
- રોજગારયોગ્ય 17,202 જનસંખ્યામાંથી 10,908 વ્યક્તિઓ અલગ-અલગ વ્યવસાયમાં રોકાયેલ છે. આમ, સફાઈ કામમાં જોડાયેલ સમાજમાં શ્રમદળમાં રોજગારયોગ્ય વ્યક્તિઓની ભાગીદારી 63% છે.
- 7,141(81%) પુરૂષો અને 3,767 (43%) સ્ત્રીઓ રોજગારમાં જોડાઈને આર્થિક ઉપાર્જન કરી રહ્યાં છે.

**કોષ્ટક 7: વધું અસહાય જૂથ- વિધવા સ્ત્રીઓ અને વિકલાંગોની સંખ્યા**

| શહેર | વિસ્તારનું નામ | વિધવા સ્ત્રીઓ | વિકલાંગ વ્યક્તિઓ | કુટુંબના વડા તરીકે વિધવા સ્ત્રીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| અમદાવાદ | વેજલપુર | 65 | 2 | **45** |
| | થલતેજ | 71 | 13 | **51** |
| | નરોડા | 114 | 30 | **74** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 269 | 39 | **213** |
| ખંભાત | ખંભાત | 159 | 31 | **147** |
| પેટલાદ | પેટલાદ | 128 | 19 | **112** |
| **કુલ** | | **806** | **134** | **642** |

- સર્વેક્ષણમાં 806 વિધવા સ્ત્રીઓ અને 134 વિકલાંગ વ્યક્તિઓની માહિતી મળી.
- 806 વિધવા સ્ત્રીઓમાં 642 (80%) સ્ત્રીઓ કુટુંબના વડા તરીકે જવાબદારી નિભાવે છે.
- સર્વે કરાયેલાં કુલ 5,265 કુટુંબોમાંથી 642 (12%) કુટુંબોમાં વડા તરીકે વિધવા સ્ત્રી છે.

**કોષ્ટક 8: રોજગારની સ્થિતિ**

| શહેર | વિસ્તારનું નામ | સફાઈ કામ | | | અન્ય વ્યવસાય | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 969 | 665 | 1634 | 144 | 48 | 192 | 1113 | 713 | **1826** |
| | થલતેજ | 968 | 673 | 1641 | 243 | 45 | 288 | 1211 | 718 | **1929** |
| | નરોડા | 346 | 90 | 436 | 552 | 287 | 839 | 898 | 377 | **1275** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 1101 | 906 | 2007 | 955 | 257 | 1212 | 2056 | 1163 | **3219** |
| ખંભાત | ખંભાત | 303 | 39 | 342 | 731 | 268 | 999 | 1034 | 307 | **1341** |
| પેટલાદ | પેટલાદ | 146 | 43 | 189 | 683 | 446 | 1129 | 829 | 489 | **1318** |
| **કુલ** | | **3833** | **2416** | **6249** | **3308** | **1351** | **4659** | **7141** | **3767** | **10908** |

- કુલ સર્વે કરેલાં 23,143 વ્યક્તિઓમાંથી 10,908 (47%) વ્યક્તિઓ રોજગારમાં જોડાયેલાં છે. તેમાં પુરૂષોનું પ્રમાણ 65% (7,141) અને સ્ત્રીઓનું પ્રમાણ 35% (3,767) છે.
- રોજગારમાં જોડાયેલ 10,908 વ્યક્તિઓમાંથી 6,249 (57%) વ્યક્તિઓ સફાઈ કામમાં જોડાયેલ છે. 4,659 (43%) વ્યક્તિઓ સફાઈ સિવાયના અન્ય વ્યવસાયમાં જોડાયેલ છે. આ રીતે જોઈએ તો સફાઇ કામદાર સમાજના 57% વ્યક્તિઓ હજી પણ વારસાગત સફાઈ કામમાં જોડાયેલ છે, ભલે તે રોજગાર સરકારી હોય કે ખાનગી ક્ષેત્રમાં હોય.
- એ પણ સ્પષ્ટ થાય છે કે અન્ય વ્યવસાયમાં જોડાયેલ કુલ 4,659 વ્યક્તિઓમાં 71% (3,308) પુરૂષો છે, જયારે ફક્ત 1,351 (29%) સ્ત્રીઓ સફાઈ સિવાયના અન્ય રોજગારમાં જોડાયેલી છે.

**કોષ્ટક 9: સફાઈના કામમાં રોજગારનો પ્રકાર**

| શહેર | વિસ્તારનું નામ | સરકારી (હંગામી) | | | સરકારી (કાયમી) | | | ખાનગી | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 21 | 11 | 32 | 228 | 119 | 347 | 720 | 535 | 1255 | 969 | 665 | **1634** |
| | થલતેજ | 9 | 2 | 11 | 157 | 84 | 241 | 802 | 587 | 1389 | 968 | 673 | **1641** |
| | નરોડા | 43 | 10 | 53 | 268 | 56 | 324 | 35 | 24 | 59 | 346 | 90 | **436** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 91 | 38 | 129 | 448 | 141 | 589 | 562 | 727 | 1289 | 1101 | 906 | **2007** |
| ખંભાત | ખંભાત | 55 | 9 | 64 | 209 | 27 | 236 | 39 | 3 | 42 | 303 | 39 | **342** |
| પેટલાદ | પેટલાદ | 81 | 28 | 109 | 38 | 3 | 41 | 27 | 12 | 39 | 146 | 43 | **189** |
| **કુલ** | | **300** | **98** | **398** | **1348** | **430** | **1778** | **2185** | **1888** | **4073** | **3833** | **2416** | **6249** |

- સફાઈ કામમાં જોડાયેલ કુલ 6,249 વ્યક્તિઓમાં 398 (6%) વ્યક્તિઓ મહાનગરપાલિકા કે નગરપાલિકામાં કોન્ટ્રાક્ટ પર કામ કરે છે, જ્યારે 1,778 (29 %) વ્યક્તિઓ સફાઈ કામની કાયમી સરકારી નોકરીમાં છે. બહુમતી 4,073 (65%) સફાઈ કામદારો ખાનગી ક્ષેત્રમાં કામ કરે છે.
- કુલ સફાઈ કામદારોમાં 61% (3,833) પુરૂષો અને 39% (2,416) સ્ત્રીઓનો સમાવેશ થાય છે.
- કોન્ટ્રાક્ટ કે કાયમી સરકારી નોકરીમાં સફાઈ કામદારોની સંખ્યા જોઈએ તો તેમાં 1,648 (76%) પુરૂષ અને 528 (24%) સ્ત્રી સફાઈ કામદારો છે. ખાનગી સફાઈ કામમાં જોડાયેલ લોકોમાં 2,185 (54%) પુરૂષો અને 1,888 (46%) સ્ત્રી સફાઈ કામદારો છે.

**કોષ્ટક 10: અન્ય વ્યવસાયમાં રોજગારના પ્રકાર**

| શહેર | વિસ્તારનું નામ | સ્વ-રોજગાર | | | મજૂરી કામ | | | ખાનગી ક્ષેત્રમા નોકરી | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 9 | 1 | 10 | 2 | 1 | 3 | 133 | 46 | 179 | 144 | 48 | **192** |
| | થલતેજ | 50 | 4 | 54 | 1 | 2 | 3 | 192 | 39 | 231 | 243 | 45 | **288** |
| | નરોડા | 25 | 3 | 28 | 272 | 234 | 506 | 255 | 50 | 305 | 552 | 287 | **839** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 52 | 14 | 66 | 294 | 134 | 428 | 609 | 109 | 718 | 955 | 257 | **1212** |
| ખંભાત | ખંભાત | 26 | 6 | 32 | 378 | 196 | 574 | 327 | 66 | 393 | 731 | 268 | **999** |
| પેટલાદ | પેટલાદ | 8 | 5 | 13 | 384 | 391 | 775 | 291 | 50 | 341 | 683 | 446 | **1129** |
| **કુલ** | | **170** | **33** | **203** | **1331** | **958** | **2289** | **1807** | **360** | **2167** | **3308** | **1351** | **4659** |

- રોજગારમાં જોડાયેલ કુલ વ્યક્તિઓમાં 43% વ્યક્તિઓ સફાઈ સિવાયના વ્યવસાયમાં જોડાયેલ છે. તેમાં 3,308 (71%) પુરૂષો અને ફક્ત 1,351 (29%) સ્ત્રીઓ છે.
- અન્ય વ્યવસાયમાં જોડાયેલ કુલ 4,659 વ્યક્તિઓમાં 203 (4%) વ્યક્તિઓ સ્વ-રોજગાર કરે છે, 2,289 (49%) વ્યક્તિઓ છૂટક મજૂરી કરે છે અને 2,167 (47%) વ્યક્તિઓ ખાનગી ક્ષેત્રમાં નોકરી કે અન્ય કામ કરે છે.
- દરેક પ્રકારના વ્યવસાય કે રોજગારમાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું છે. સ્વ-રોજગારમાં 16% (33), મજૂરી કામમાં 42% (958) અને અન્ય ખાનગી નોકરી-ધંધામાં 17% (360) સ્ત્રીઓ રોજગાર મેળવે છે.

**કોષ્ટક 11: બેંક ખાતાની સ્થિતિ**

| શહેર | વિસ્તારનું નામ | હા | | | ના | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 1307 | 895 | 2202 | 575 | 809 | 1384 | 1882 | 1704 | **3586** |
| | થલતેજ | 1354 | 899 | 2253 | 674 | 1013 | 1687 | 2028 | 1912 | **3940** |
| | નરોડા | 1114 | 786 | 1900 | 400 | 691 | 1091 | 1514 | 1477 | **2991** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 2545 | 2029 | 4574 | 982 | 1275 | 2257 | 3527 | 3304 | **6831** |
| ખંભાત | ખંભાત | 1329 | 741 | 2070 | 387 | 857 | 1244 | 1716 | 1598 | **3314** |
| પેટલાદ | પેટલાદ | 1138 | 978 | 2116 | 143 | 222 | 365 | 1281 | 1200 | **2481** |
| **કુલ** | | **8787** | **6328** | **15115** | **3161** | **4867** | **8028** | **11948** | **11195** | **23143** |

- સર્વે કરેલાં કુલ વ્યક્તિઓમાંથી 15,115 (65%) વ્યક્તિઓનું બેંકમાં ખાતું છે. 8,028 (35%) વ્યક્તિઓનું બેંકમાં ખાતું નથી. આમ 35% વસ્તી / જનસંખ્યાની મુખ્યધારાની બેંક કે નાણાકીય સંસ્થા સુધી પહોંચ બની નથી.
- 8,787 (74%) પુરૂષો અને 6,328 (57%) સ્ત્રીઓના બેંકમાં ખાતું છે. જ્યારે 3,161 (26%) પુરૂષો અને 4,867 (43%) સ્ત્રીઓના બેંકમાં ખાતું નથી.

**કોષ્ટક 12: આધાર કાર્ડની સ્થિતિ**

| શહેર | વિસ્તારનું નામ | હા | | | ના | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 1605 | 1359 | 2964 | 277 | 345 | 622 | 1882 | 1704 | **3586** |
| | થલતેજ | 1740 | 1508 | 3248 | 288 | 404 | 692 | 2028 | 1912 | **3940** |
| | નરોડા | 1303 | 1181 | 2484 | 211 | 296 | 507 | 1514 | 1477 | **2991** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 3141 | 2821 | 5962 | 386 | 483 | 869 | 3527 | 3304 | **6831** |
| ખંભાત | ખંભાત | 1668 | 1520 | 3188 | 48 | 78 | 126 | 1716 | 1598 | **3314** |
| પેટલાદ | પેટલાદ | 1215 | 1121 | 2336 | 66 | 79 | 145 | 1281 | 1200 | **2481** |
| **કુલ** | | **10672** | **9510** | **20182** | **1276** | **1685** | **2961** | **11948** | **11195** | **23143** |

- સર્વે કરાયેલ કુલ વ્યક્તિઓમાં 20,182 (87%) પાસે આધાર કાર્ડ છે, 2,961 (13%) પાસે નથી.
- 10,672 (89 %) પુરૂષો અને 9,510 (85 %) સ્ત્રીઓ પાસે આધાર કાર્ડ છે જ્યારે 1,276 (11 %) પુરૂષો અને 1,685 (15 %) સ્ત્રીઓ પાસે નથી.

**કોષ્ટક 13: મતદાર કાર્ડની સ્થિતિ (૧૮ વર્ષ અને તેથી વધારે ઉંમરની વ્યક્તિઓ)**

| શહેર | વિસ્તારનું નામ | મતદાર કાર્ડ માટે યોગ્યતા ધરાવનાર વ્યક્તિઓ | | | મતદાર કાર્ડ છે | | | મતદાર કાર્ડ નથી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 1203 | 1134 | 2337 | 989 | 831 | 1820 | 214 | 303 | **517** |
| | થલતેજ | 1322 | 1251 | 2573 | 1007 | 819 | 1826 | 315 | 432 | **747** |
| | નરોડા | 1085 | 1025 | 2110 | 860 | 775 | 1635 | 225 | 250 | **475** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 2484 | 2430 | 4914 | 2116 | 1906 | 4022 | 368 | 524 | **892** |
| ખંભાત | ખંભાત | 1313 | 1259 | 2572 | 1192 | 1085 | 2277 | 121 | 174 | **295** |
| પેટલાદ | પેટલાદ | 977 | 925 | 1902 | 864 | 789 | 1653 | 113 | 136 | **249** |
| **કુલ** | | **8384** | **8024** | **16408** | **7028** | **6205** | **13233** | **1356** | **1819** | **3175** |

- સર્વે થયેલાં લોકોમાં કુલ 16,408 (72%) વ્યક્તિઓ 18 વર્ષ કે તેથી વધું ઉંમરના હોવાથી મતદાર કાર્ડ મેળવવા લાયક છે.
- કુલ લાયક વ્યક્તિઓમાંથી 13,233 (81%) પાસે મતદાર કાર્ડ છે, જ્યારે 3,175 (19%) વ્યક્તિઓ પાસે મતદાર કાર્ડ નથી.

**કોષ્ટક 14: PAN (પાન) કાર્ડની સ્થિતિ (18 વર્ષ અને તેથી વધારે ઉંમરની વ્યક્તિઓ)**

| શહેર | વિસ્તારનું નામ | PAN માટે યોગ્યતા ધરાવનાર | | | PAN કાર્ડ છે | | | PAN કાર્ડ નથી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 1203 | 1134 | 2337 | 849 | 500 | 1349 | 354 | 634 | **988** |
| | થલતેજ | 1322 | 1251 | 2573 | 822 | 376 | 1198 | 500 | 875 | **1375** |
| | નરોડા | 1085 | 1025 | 2110 | 755 | 486 | 1241 | 330 | 539 | **869** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 2484 | 2430 | 4914 | 1582 | 1040 | 2622 | 902 | 1390 | **2292** |
| ખંભાત | ખંભાત | 1313 | 1259 | 2572 | 564 | 215 | 779 | 749 | 1044 | **1793** |
| પેટલાદ | પેટલાદ | 977 | 925 | 1902 | 404 | 154 | 558 | 573 | 771 | **1344** |
| **કુલ** | | **8384** | **8024** | **16408** | **4976** | **2771** | **7747** | **3408** | **5253** | **8661** |

- સર્વે કરાયેલ લોકોમાંથી કુલ 16,408 વ્યક્તિઓ 18 કે તેથી વધું વયના હોવાથી PAN કાર્ડ મેળવવાં યોગ્ય બને છે.
- યોગ્યતા ધરાવનારમાંથી 7,747 (47%) વ્યક્તિઓ પાસે PAN કાર્ડ છે અને 8,661 (53 %) પાસે નથી.
- ફક્ત 2,771 (35%) સ્ત્રીઓ પાસે PAN કાર્ડ છે જ્યારે 5,253 (65%) સ્ત્રીઓ પાસે નથી.

**કોષ્ટક 15: જાતિના પ્રમાણપત્રની સ્થિતિ**

| શહેર | વિસ્તારનું નામ | છે | | | નથી | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 583 | 269 | 852 | 1299 | 1435 | 2734 | 1882 | 1704 | **3586** |
| | થલતેજ | 790 | 436 | 1226 | 1238 | 1476 | 2714 | 2028 | 1912 | **3940** |
| | નરોડા | 682 | 425 | 1107 | 832 | 1052 | 1884 | 1514 | 1477 | **2991** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 1345 | 937 | 2282 | 2182 | 2367 | 4549 | 3527 | 3304 | **6831** |
| ખંભાત | ખંભાત | 780 | 319 | 1099 | 936 | 1279 | 2215 | 1716 | 1598 | **3314** |
| પેટલાદ | પેટલાદ | 570 | 274 | 844 | 711 | 926 | 1637 | 1281 | 1200 | **2481** |
| **કુલ** | | **4750** | **2660** | **7410** | **7198** | **8535** | **15733** | **11948** | **11195** | **23143** |

- જાતિનું પ્રમાણપત્ર શાળા / કોલેજમાં પ્રવેશ માટે, સરકારી નોકરી માટે અને સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવાં માટે જરૂરી છે.
- સર્વે થયેલ કુલ વ્યક્તિઓમાં ફક્ત 7,410 (32%) વ્યક્તિઓ પાસે જાતિનું પ્રમાણપત્ર છે, અને મોટી સંખ્યામાં 15,733 (68%) પાસે આ પ્રમાણપત્ર જ નથી.
- 2,660 (24%) સ્ત્રીઓ અને 4,750 (40%) પુરૂષો પાસે જાતિનું પ્રમાણપત્ર છે, પરંતુ 8,535 (76%) સ્ત્રીઓ અને 7,198 (60%) પુરૂષો પાસે જાતિનું પ્રમાણપત્ર નથી.

**કોષ્ટક 16: જન્મના દાખલાની સ્થિતિ**

| શહેર | વિસ્તારનું નામ | છે | | | નથી | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 1776 | 1550 | 3326 | 106 | 154 | 260 | 1882 | 1704 | **3586** |
| | થલતેજ | 1711 | 1552 | 3263 | 317 | 360 | 677 | 2028 | 1912 | **3940** |
| | નરોડા | 1340 | 1191 | 2531 | 174 | 286 | 460 | 1514 | 1477 | **2991** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 3143 | 2761 | 5904 | 384 | 543 | 927 | 3527 | 3304 | **6831** |
| ખંભાત | ખંભાત | 1620 | 1473 | 3093 | 96 | 125 | 221 | 1716 | 1598 | **3314** |
| પેટલાદ | પેટલાદ | 1236 | 1119 | 2355 | 45 | 81 | 126 | 1281 | 1200 | **2481** |
| **કુલ** | | **10826** | **9646** | **20472** | **1122** | **1549** | **2671** | **11948** | **11195** | **23143** |

- સર્વે કરાયેલ કુલ વ્યક્તિઓમાંથી 20,472 (88%) વ્યક્તિઓ પાસે જન્મનો દાખલો છે જ્યારે 2,671 (12%) વ્યક્તિઓ પાસે નથી.

**કોષ્ટક 17: આવકના દાખલાની સ્થિતિ**

| શહેર | વિસ્તારનું નામ | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| અમદાવાદ | વેજલપુર | 247 | 594 | **841** |
| | થલતેજ | 161 | 774 | **935** |
| | નરોડા | 214 | 575 | **789** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 553 | 914 | **1467** |
| ખંભાત | ખંભાત | 321 | 363 | **684** |
| પેટલાદ | પેટલાદ | 265 | 284 | **549** |
| **કુલ** | | **1761** | **3504** | **5265** |

- રાજ્ય અથવા કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા માટે આવકની મર્યાદા બાંધેલી હોય છે. આ યોજનાઓનો લાભ લેવા આવકનો દાખલો જરૂરી પુરાવો બને છે.
- ગુજરાત રાજ્યમાં આવકનો દાખલો પ્રમાણિત સરકારી વિભાગો દ્વારા આપવામાં આવે છે અને તેની અવધી 3 વર્ષની હોય છે. સરકારી યોજનાઓનો લાભ લેવો હોય તો દર ત્રણ વર્ષે નવો દાખલો લેવો પડે છે.
- સર્વે કરાયેલાં કુલ 5,265 કુટુંબોમાંથી માત્ર 1,761 (33%) કુટુંબો પાસે આવકનો દાખલો છે, જયારે બહુમતી 3,504 (67%) કુટુંબો પાસે આ દાખલો નથી.

**કોષ્ટક 18: અસંગઠિત ક્ષેત્રના કામદારનું ઓળખ કાર્ડ**

| શહેર | વિસ્તારનું નામ | કાર્ડ માટે લાયક | | | હા | | | ના | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 855 | 582 | 1437 | 1 | 0 | 1 | 854 | 582 | **1436** |
| | થલતેજ | 995 | 628 | 1623 | 1 | 0 | 1 | 994 | 628 | **1622** |
| | નરોડા | 562 | 308 | 870 | 1 | 1 | 2 | 561 | 307 | **868** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 1465 | 970 | 2435 | 22 | 9 | 31 | 1443 | 961 | **2404** |
| ખંભાત | ખંભાત | 744 | 265 | 1009 | 1 | 0 | 1 | 743 | 265 | **1008** |
| પેટલાદ | પેટલાદ | 702 | 453 | 1155 | 0 | 0 | 0 | 702 | 453 | **1155** |
| **કુલ** | | **5323** | **3206** | **8529** | **26** | **10** | **36** | **5297** | **3196** | **8493** |

- રોજગારમાં જોડાયેલ 10,908 વ્યક્તિઓમાંથી 8,529 વ્યક્તિઓ સફાઈકામ કે અન્ય કામમાં અસંગઠિત ક્ષેત્રમાં રોજગાર મેળવે છે. આ 8,529 વ્યક્તિઓ પાસે અસંગઠિત ક્ષેત્રના કામદારનું ઓળખકાર્ડ હોવું જોઈએ, જેથી તેઓ આ ક્ષેત્ર માટે બનેલી સરકારી યોજનાઓ જેવી કે જીવન અને અપંગતા વીમો, માતૃત્વ વખતે રજા અને અન્ય લાભ, વૃદ્ધ પેન્શન વગેરેનો લાભ મેળવી શકે.
- પરંતુ કાર્ડ માટે લાયક કુલ વ્યક્તિઓમાંથી ફક્ત 36 (0.42%) વ્યક્તિઓ પાસે જ આ ઓળખ કાર્ડ છે.

**કોષ્ટક 19: સ્લમ સર્વેની સ્થિતિ**

| શહેર | વિસ્તારનું નામ | ઝુંપડપટ્ટીમાં રહેતાં કુલ કુટુંબોની સંખ્યા | સ્લમ સર્વે થયેલ છે | સ્લમ સર્વે થયેલ નથી |
|---|---|---|---|---|
| અમદાવાદ | વેજલપુર | 412 | 0 | **412** |
| | થલતેજ | 340 | 3 | **337** |
| | નરોડા | 220 | 1 | **219** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 711 | 7 | **704** |
| ખંભાત | ખંભાત | 364 | 2 | **362** |
| પેટલાદ | પેટલાદ | 278 | 0 | **278** |
| **કુલ** | | **2325** | **13** | **2312** |

- જે 5,265 કુટુંબોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું, તેમાંથી 2,325 (44%) કુટુંબો ઝુંપડપટ્ટી અથવા કાચા મકાનમાં રહે છે. આ રીતે જોઈએ તો 2,325 કુટુંબોને સ્લમની શ્રેણીમાં ગણવા જોઈએ અને તેમને આવાસ સંબંધિત સરકારી યોજનાઓનો લાભ મળવો જોઈએ.
- પરંતુ અમારા સર્વેક્ષણમાં જાણવાં મળ્યું કે ફક્ત 13 (0.55%) કુટુંબોનો જ મહાનગરપાલિકા અથવા નગરપાલિકા દ્વારા સ્લમ સર્વે કરવામાં આવેલ છે. જ્યારે 99% (2,312) કુટુંબો આ સર્વે અને તેના પરિણામે મળતા લાભોથી વંચિત રહ્યાં છે.

**કોષ્ટક 20: જાહેર વિતરણ વ્યવસ્થામાં સસ્તા દરે અનાજ મેળવવા જરૂરી રેશન કાર્ડની સ્થિતિ**

| શહેર | વિસ્તારનું નામ | રેશન કાર્ડ છે | રેશન કાર્ડ નથી | કુલ |
|---|---|---|---|---|
| અમદાવાદ | વેજલપુર | 701 | 140 | **841** |
| | થલતેજ | 784 | 151 | **935** |
| | નરોડા | 683 | 106 | **789** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 1326 | 141 | **1467** |
| ખંભાત | ખંભાત | 673 | 11 | **684** |
| પેટલાદ | પેટલાદ | 521 | 28 | **549** |
| **કુલ** | | **4688** | **577** | **5265** |

- સર્વેક્ષણમાં આવરી લેવાયેલા કુલ 5,265 કુટુંબોમાંથી 4,688 (89%) કુટુંબો પાસે રેશન કાર્ડ છે, જ્યારે 577 (11%) કુટુંબો પાસે રેશન કાર્ડ નથી.

**કોષ્ટક 21: જાહેર વિતરણ વ્યવસ્થામાં સસ્તા દરે અનાજ મેળવવા જરૂરી રેશન કાર્ડમાં નોંધાયેલા નામની સ્થિતિ**

| શહેર | વિસ્તારનું નામ | નામ નોંધાયેલ છે | નામ નોંધાયેલ નથી | કુલ |
|---|---|---|---|---|
| અમદાવાદ | વેજલપુર | 2471 | 1115 | **3586** |
| | થલતેજ | 2762 | 1178 | **3940** |
| | નરોડા | 2264 | 727 | **2991** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 5754 | 1077 | **6831** |
| ખંભાત | ખંભાત | 3233 | 81 | **3314** |
| પેટલાદ | પેટલાદ | 2236 | 245 | **2481** |
| કુલ | | **18720** | **4423** | **23143** |

- સર્વેક્ષણમાં આવરી લેવાયેલ કુલ 23,143 વ્યક્તિઓમાંથી 18,720 (81%) વ્યક્તિઓના નામ રેશન કાર્ડમાં નોંધાયેલા છે. 4,423 (19%) વ્યક્તિઓના નામ રેશનકાર્ડમાં નોંધાયા નથી.

**કોષ્ટક 22: આરોગ્ય વીમા માટેના કાર્ડની સ્થિતિ (મા કાર્ડ, આયુષ્યમાન કાર્ડ વગેરે)**

| શહેર | વિસ્તારનું નામ | આરોગ્ય કાર્ડ | | |
|---|---|---|---|---|
| | | છે | નથી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 96 | 745 | **841** |
| | થલતેજ | 124 | 811 | **935** |
| | નરોડા | 102 | 687 | **789** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 323 | 1144 | **1467** |
| ખંભાત | ખંભાત | 265 | 419 | **684** |
| પેટલાદ | પેટલાદ | 155 | 394 | **549** |
| કુલ | | **1065** | **4200** | **5265** |

- સફાઈ કામમાં જોડાયેલ સમુદાય પોતાના કામના પ્રકારને કારણે બીમારીઓ અને આરોગ્યના અન્ય પ્રશ્નો વધારે સહન કરે છે. બીમારી પાછળ ખર્ચનું પ્રમાણ પણ વધારે હોય છે. આ પરિસ્થિતિમાં સમુદાયની મફત આરોગ્ય સેવા સુધી પહોંચ હોય તે જરૂરી છે.
- સર્વેક્ષણમાં અમને જાણવાં મળ્યું કે 1,065 (20%) કુટુંબો પાસે જ સરકારી યોજનાના હેલ્થ કાર્ડ છે. 80% (4,200) કુટુંબો હજી પણ આ સલામતીની બહાર છે. આ 80% કુટુંબોએ સરકારી સગવડ વગર આરોગ્યના પ્રશ્ન ઊભા થાય ત્યારે ઊંચા દરે વ્યાજે પૈસા લઈને સારવાર કરાવવી પડે છે.

**કોષ્ટક 23: કુટુંબમાં કમાનાર સભ્યોની સંખ્યા**

| શહેર | વિસ્તારનું નામ | કુલ કમાનાર સભ્યો | | | કુલ સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 1113 | 713 | 1826 | 1882 | 1704 | **3586** |
| | થલતેજ | 1211 | 718 | 1929 | 2028 | 1912 | **3940** |
| | નરોડા | 898 | 377 | 1275 | 1514 | 1477 | **2991** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 2056 | 1163 | 3219 | 3527 | 3304 | **6831** |
| ખંભાત | ખંભાત | 1034 | 307 | 1341 | 1716 | 1598 | **3314** |
| પેટલાદ | પેટલાદ | 829 | 489 | 1318 | 1281 | 1200 | **2481** |
| **કુલ** | | **7141** | **3767** | **10908** | **11948** | **11195** | **23143** |

- કુલ 23,143 વ્યક્તિઓમાંથી 10,908 (47%) વ્યક્તિઓ કમાનાર છે. આનો અર્થ એ કે 53% વસ્તી કમાણી ન કરનાર છે અને બાકીના 47% પર આધારિત છે.
- કમાતા વ્યક્તિઓમાં 7,141 (60%) પુરૂષો અને 3,767 (32%) સ્ત્રીઓનો સમાવેશ થાય છે. બીજી રીતે જોઈએ તો 68% સ્ત્રીઓ અને 40% પુરૂષો કમાણી ન કરનારના જૂથમાં આવે છે અને આધારિત છે.

**કોષ્ટક 24: કુટુંબ દીઠ માસિક આવકની સ્થિતિ**

| શહેર | વિસ્તારનું નામ | રૂ. 0-8000 | રૂ. 8001-15000 | રૂ. 15000થી વધારે | કુલ |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | વેજલપુર | 58 | 355 | 428 | **841** |
| | થલતેજ | 102 | 499 | 334 | **935** |
| | નરોડા | 63 | 279 | 447 | **789** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 349 | 757 | 361 | **1467** |
| ખંભાત | ખંભાત | 282 | 278 | 124 | **684** |
| પેટલાદ | પેટલાદ | 279 | 231 | 39 | **549** |
| **કુલ** | | **1133** | **2399** | **1733** | **5265** |

- સફાઇ કામદાર સમુદાય સામાજિક, આર્થિક અને શૈક્ષણિક માપદંડો પર સૌથી નીચે આવે છે.
- સર્વે કરાયેલાં કુલ 5,265 કુટુંબોમાંથી 1,133 (21%) કુટુંબોની માસિક આવક રૂપિયા 0 થી 8,000 વચ્ચે છે. 2,399 (46%) કુટુંબોની માસિક આવક રૂ. 8001 થી 15000ની વચ્ચે છે અને ત્રીજા ભાગના, એટલે કે 1,733 (33%) કુટુંબોની માસિક આવક રૂ. 15,000થી વધારે છે.

**કોષ્ટક 25: ધિરાણ લેવાના કારણો**

| શહેર | વિસ્તારનું નામ | આરોગ્ય | શિક્ષણ | ઘર ખરીદવા | સામાજિક અને ધાર્મિક પ્રસંગ | નવો વ્યવસાય શરૂ કરવાં | અન્ય કારણ | જવાબ આપેલ નથી |
|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | વેજલપુર | 355 | 353 | 46 | 530 | 2 | 12 | 6 |
| | થલતેજ | 763 | 177 | 11 | 876 | 11 | 563 | 7 |
| | નરોડા | 195 | 130 | 81 | 762 | 3 | 14 | 1 |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 1057 | 202 | 32 | 1213 | 17 | 41 | 75 |
| ખંભાત | ખંભાત | 682 | 117 | 16 | 581 | 37 | 210 | 1 |
| પેટલાદ | પેટલાદ | 542 | 540 | 4 | 542 | 6 | 215 | 1 |
| **કુલ** | | **3594** | **1519** | **190** | **4504** | **76** | **1055** | **91** |

- આ સર્વેક્ષણનો એક મહત્વનો હેતું એ જાણવાનો હતો કે સફાઇ કામદાર સમુદાય ધિરાણ કયા કારણસર લે છે. આ પ્રશ્ન માટે એકથી વધારે જવાબો/ વિકલ્પો પસંદ કરવાની છૂટ હતી.
- નોંધનીય બાબત છે કે સામાજિક અને ધાર્મિક પ્રસંગો માટે સૌથી વધારે વાર ધિરાણ લે છે.
- આરોગ્ય માટે ધિરાણ લેવાનું બીજા ક્રમે આવે છે. સફાઈકામમાં જોડાયેલ હોવાથી બીમાર વધું પડે છે, એટલા માટે બીમારીમાં વ્યાજે નાણાં વધારે વાર લે છે.
- ફક્ત 76 વાર જ અમને જવાબ મળ્યો કે કુટુંબમાંથી સ્વ-રોજગાર શરૂ કરવાં પૈસા લીધા હોય.
- ઉપરનું કોષ્ટક સફાઇ કામદાર સમાજની પૈસા વાપરવાની અને ઉછીના લેવાની આદત વિષેનું સચોટ ચિત્ર બતાવે છે.

**કોષ્ટક 26: વ્યાજે / ઉછીના નાણાં માટેનો સ્રોત**

| શહેર | વિસ્તારનું નામ | નાણા ધીરનાર | બેંક | સહકારી મંડળી | ફાઈનાન્સ કંપની | કુટુંબીજનો / મિત્રો | જવાબ આપેલ નથી |
|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | વેજલપુર | 71 | 197 | 95 | 285 | 780 | 10 |
| | થલતેજ | 821 | 26 | 31 | 7 | 681 | 2 |
| | નરોડા | 292 | 48 | 92 | 128 | 698 | 6 |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 1008 | 122 | 42 | 190 | 1349 | 26 |
| ખંભાત | ખંભાત | 625 | 358 | 49 | 179 | 653 | 2 |
| પેટલાદ | પેટલાદ | 537 | 542 | 5 | 541 | 546 | 1 |
| **કુલ** | | **3354** | **1293** | **314** | **1330** | **4707** | **47** |

- સર્વેમાં સ્પષ્ટપણે બહાર આવ્યું કે જરૂરિયાતના સમયે નાણાં મેળવવા સફાઇ કામદાર સમાજના લોકો પરિવારજનો અને મિત્રો પર સૌથી વધારે આધાર રાખે છે.
- નાણાં ધીરનાર પાસેથી વ્યાજે પૈસા લેવાનું બીજા ક્રમે આવે છે. અમારા અનુભવ પ્રમાણે શાહુકાર વર્ષે ઓછામાં ઓછા 120% ના વ્યાજે ધિરાણ આપે છે. આ રીતે ઉછીના લેવામાં આર્થિક શોષણ તો થાય જ છે, પરંતુ સમાજને શારીરિક અને માનસિક સતામણીનો ભોગ પણ બનવું પડે છે.
- ફાઈનાન્સ કંપની નાણાં ધીરવામાં ત્રીજા ક્રમે આવે છે. બેંકો કરતાં ફાઈનાન્સ કંપનીઓના વ્યાજના દર વધારે હોય છે, એટલે ચૂકવણી અઘરી બને છે.
- બેંકો અને સહકારી મંડળી ચોથા અને પાંચમાં વિકલ્પ તરીકે જોવાં મળ્યાં છે. આ બતાવે છે કે સમુદાયની બેંક અને મંડળી સુધીની પહોંચ ઓછી છે. બેંકો ભાગ્યે જ આ સમુદાયને ધિરાણ આપતી હોય છે.

**કોષ્ટક 27: મકાનના પ્રકાર**

| શહેર | વિસ્તારનું નામ | ઝુંપડુ | કાચું | પાક્કું (ફ્લેટ) | પાક્કું (ટેનામેન્ટ) | પાક્કું (રો હાઉસ) | જવાબ આપેલ નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | વેજલપુર | 303 | 109 | 347 | 44 | 38 | 0 | **841** |
| | થલતેજ | 195 | 145 | 444 | 79 | 70 | 2 | **935** |
| | નરોડા | 80 | 140 | 228 | 245 | 96 | 0 | **789** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 235 | 476 | 380 | 248 | 128 | 0 | **1467** |
| ખંભાત | ખંભાત | 6 | 358 | 264 | 52 | 4 | 0 | **684** |
| પેટલાદ | પેટલાદ | 11 | 267 | 128 | 37 | 105 | 1 | **549** |
| **કુલ** | | **830** | **1495** | **1791** | **705** | **441** | **3** | **5265** |

- સર્વે કરાયેલાં કુલ 5,265 કુટુંબોમાંથી 2,325 (44%) કુટુંબો ઝુંપડા કે કાચા મકાનમાં રહે છે. 2,937 (56%) કુટુંબો પાક્કા બાંધકામ વાળા મકાનમાં રહે છે.

**કોષ્ટક 28: મકાનની માલિકીની માહિતી**

| શહેર | વિસ્તારનું નામ | ભાડે | પોતાની માલિકી | અન્ય (સરકારી કે ખાનગી જમીન પર) | જવાબ આપેલ નથી | કુલ |
|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | વેજલપુર | 158 | 380 | 303 | 0 | **841** |
| | થલતેજ | 624 | 270 | 39 | 2 | **935** |
| | નરોડા | 138 | 647 | 4 | 0 | **789** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 134 | 567 | 766 | 0 | **1467** |
| ખંભાત | ખંભાત | 2 | 656 | 26 | 0 | **684** |
| પેટલાદ | પેટલાદ | 0 | 542 | 6 | 1 | **549** |
| **કુલ** | | **1056** | **3062** | **1144** | **3** | **5265** |

- જો મકાનની માલિકીની વાત કરીએ, તો જાણવા મળે છે કે 1,056 (20%) કુટુંબો ભાડાના ઘરમાં રહે છે, 3,063 (58%) કુટુંબોનું પોતાની માલિકીનું ઘર છે અને 1,144 (22%) કુટુંબો સરકારી કે ખાનગી જમીન પર બંધાયેલા ઘરમાં રહે છે, જે ક્યારેય પણ ખાલી કરવું પડે. 3 કુટુંબોએ ઘરની માલિકી બાબતે જવાબ આપ્યો નથી.
- આમ ભાડે રહેનાર અને સરકારી કે ખાનગી જમીન પર રહેનાર મળીને કુલ 2,200 (42%) કુટુંબો પાસે પોતાની માલિકીનું મકાન/ઘર નથી.

**કોષ્ટક 29: છેલ્લાં 5 વર્ષમાં આવાસની સરકારી યોજના સુધી સમાજની પહોંચ વિષે માહિતી**

| શહેર | વિસ્તારનું નામ | સરકારી આવાસ યોજના માટે અરજી કરેલ છે | | | અરજી કરેલ નથી | જવાબ મળેલ નથી | કુલ કુટુંબો |
|---|---|---|---|---|---|---|---|
| | | અરજી કરેલ છે | લાભ મળેલ છે | લાભ મળેલ નથી | | | |
| અમદાવાદ | વેજલપુર | 217 | 13 | 204 | 624 | | **841** |
| | થલતેજ | 311 | 5 | 306 | 622 | 2 | **935** |
| | નરોડા | 118 | 7 | 111 | 671 | | **789** |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 235 | 0 | 235 | 1232 | | **1467** |
| ખંભાત | ખંભાત | 171 | 0 | 171 | 513 | | **684** |
| પેટલાદ | પેટલાદ | 4 | 3 | 1 | 544 | 1 | **549** |
| **કુલ** | | **1056** | **28** | **1028** | **4206** | **3** | **5265** |

- છેલ્લાં 5 વર્ષમાં સર્વે કરાયેલાં કુટુંબો પૈકી 1,056 (20%) કુટુંબોએ સરકારી આવાસની યોજનાના લાભ માટે અરજી કરેલ. 4,206 (80%) કુટુંબોએ આવી કોઈ અરજી કરી નથી.
- અરજી કરેલાં 1,056 કુટુંબોમાંથી ફક્ત 28 (3%) કુટુંબોને આવાસની યોજનાનો લાભ મળ્યો છે. અરજી કરેલાં કુટુંબોને લાભ ના મળે ત્યારે અન્ય કુટુંબો પણ અરજી કરવાનો ઉત્સાહ ન બતાવે તેવું લાગે છે.

**કોષ્ટક 30: કુટુંબોમાં પ્રાથમિક સુવિધાઓની સ્થિતિ**

| શહેર | વિસ્તારનું નામ | રાંધણગેસ જોડાણ | | | શૌચાલય | | | પાણીનું જોડાણ | | | વીજળીનું જોડાણ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | જવાબ આપેલ નથી | હા | ના | જવાબ આપેલ નથી | હા | ના | જવાબ આપેલ નથી | હા | ના | જવાબ આપેલ નથી |
| અમદાવાદ | વેજલપુર | 816 | 25 | 0 | 699 | 142 | 0 | 709 | 132 | 0 | 812 | 29 | 0 |
| | થલતેજ | 889 | 44 | 2 | 832 | 101 | 2 | 894 | 39 | 2 | 909 | 24 | 2 |
| | નરોડા | 778 | 11 | 0 | 772 | 17 | 0 | 772 | 17 | 0 | 778 | 11 | 0 |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 1412 | 55 | 0 | 1431 | 36 | 0 | 1453 | 14 | 0 | 1452 | 15 | 0 |
| ખંભાત | ખંભાત | 635 | 49 | 0 | 626 | 58 | 0 | 647 | 37 | 0 | 664 | 20 | 0 |
| પેટલાદ | પેટલાદ | 517 | 31 | 1 | 508 | 40 | 1 | 536 | 12 | 1 | 533 | 15 | 1 |
| **કુલ** | | **5047** | **215** | **3** | **4868** | **394** | **3** | **5011** | **251** | **3** | **5148** | **114** | **3** |

- 96% (5,047) કુટુંબોમાં રાંધણ ગેસનું જોડાણ છે. આ જોડાણ પાઈપલાઈન અથવા સિલીન્ડરનું છે. 215 (4%) કુટુંબો હજી પણ ખાવાનું રાંધવા માટે પરંપરાગત ઈંધણ/ બળતણનો ઉપયોગ કરે છે.
- 4,868 (92%) કુટુંબોમાં ઘરની અંદર શૌચાલયની વ્યવસ્થા છે. 394 (7%) કુટુંબો હજી જાહેર શૌચાલયમાં અથવા ખુલ્લામાં જવા મજબૂર છે.
- 5,011 (95%) કુટુંબોમાં ઘરે પાણીનું જોડાણ છે. 251 (5%) કુટુંબોએ પીવા અને અન્ય વપરાશ માટે બહારથી પાણી લાવવું પડે છે.
- 5,148 (98%) કુટુંબોમાં વીજળીનું જોડાણ છે. 114 (2%) કુટુંબો વીજળીના જોડાણ વગરના ઝુંપડા કે ઘરમાં રહે છે.

**કોષ્ટક 31: આરોગ્ય સેવા સુધી પહોંચ**

| શહેર | વિસ્તારનું નામ | નાની બીમારીઓ | | | મોટી બીમારીઓ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ખાનગી દવાખાનું/ હોસ્પિટલ | શહેરી આરોગ્ય કેન્દ્ર / પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર / સામુહિક આરોગ્ય કેન્દ્ર | જવાબ આપેલ નથી | ખાનગી હોસ્પિટલ | સરકારી હોસ્પિટલ | જવાબ આપેલ નથી |
| અમદાવાદ | વેજલપુર | 710 | 131 | 0 | 18 | 823 | 0 |
| | થલતેજ | 283 | 650 | 2 | 33 | 900 | 2 |
| | નરોડા | 782 | 7 | 0 | 0 | 789 | 0 |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 849 | 618 | 0 | 7 | 1460 | 0 |
| ખંભાત | ખંભાત | 586 | 98 | 0 | 95 | 589 | 0 |
| પેટલાદ | પેટલાદ | 527 | 21 | 1 | 0 | 548 | 1 |
| **કુલ** | | **3737** | **1525** | **3** | **153** | **5109** | **3** |

- સર્વેક્ષણમાં જાણવાં મળ્યું કે સફાઇ કામદાર સમાજના મોટાભાગના કુટુંબો નાની બીમારી માટે ખાનગી દવાખાના અને હોસ્પિટલ પર આધાર રાખે છે. જયારે મોટી કે ગંભીર બીમારી આવે ત્યારે મોટા ભાગના કુટુંબો સરકારી દવાખાનામાં સારવાર માટે જાય છે.
- નાની બીમારીઓ માટે 3,737 (71%) કુટુંબોએ કહ્યું કે તેઓ ખાનગી દવાખાનામાં અથવા હોસ્પિટલમાં જવાનું પસંદ કરે છે. 1,525 (29%) કુટુંબોએ કહ્યું કે નાની બીમારી માટે પણ તેઓ સરકારી દવાખાના - શહેરી આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા સામુહિક આરોગ્ય કેન્દ્રની સેવાનો લાભ લે છે.
- ગંભીર કે મોટી બીમારી માટે 5,109 (97%) કુટુંબો સરકારી હોસ્પિટલ પસંદ કરે છે. ફક્ત 3% કુટુંબો જ આવી બીમારીમાં ખાનગી દવાખાને જવાનું પસંદ કરે છે.

**કોષ્ટક 32: સમુદાયમાં મૃત્યુ સમયે સરેરાશ ઉંમરની માહિતી**

| સર્વેક્ષણમાં નોંધાયેલ કુલ મૃત્યુની સંખ્યા | મૃત્ય સમયે સરેરાશ ઉંમર (વર્ષ) |
|---|---|
| 1296 | 52.69 |

- સર્વે કરાયેલાં 5,265 કુટુંબોમાં છેલ્લાં 5 વર્ષમાં કેટલાં વ્યક્તિઓના મૃત્યુ થયાં તેની માહિતી અમે માંગેલી, જેથી સફાઇ કામદાર સમાજના લોકોની સરેરાશ ઉંમરનો અંદાજો લગાવી શકાય.
- સર્વેમાં 1,296 વ્યક્તિઓના મૃત્યુ વિષે માહિતી મળી. મૃત્યુ સમયે તેમની સરેરાશ ઉંમર 52.69 વર્ષ હતી. ભારતમાં નાગરિકોનું સરેરાશ આયુષ્ય 69.66 વર્ષ છે.

**કોષ્ટક 33: સમાજમાં મૃત્યુના મુખ્ય કારણો**

| મૃત્યુના મુખ્ય કારણો | કુલ મૃત્યુની સંખ્યા | મૃત્યુની ટકાવારી (%) |
|---|---|---|
| સફાઈકામ સંબંધિત (શ્વસન, હૃદયના રોગ વગેરે) | 586 | 45 % |
| બીજા રોગને કારણે મૃત્યુ | 486 | 38 % |
| કુદરતી મૃત્યુ | 224 | 17 % |
| **કુલ** | **1296** | **100.00 %** |

- 586 (45%) વ્યક્તિઓના મૃત્યુ સફાઈ કામની લાંબા ગાળાની અસરને કારણે થતા રોગથી થયા હતાં.
- 486 (38%) વ્યક્તિઓના મૃત્યુ બીજા રોગોને કારણે થયાં હતાં.
- 225 (17%) વ્યક્તિઓના મૃત્યુ કુદરતી કારણો (ઉંમર)ને લીધે થયાં હતાં.

**કોષ્ટક 34: બાળકોમાં પ્રાથમિક શિક્ષણની સ્થિતિ - 6 થી 14 વર્ષની ઉંમરનું જુથ**

| શહેર | વિસ્તારનું નામ | કુલ બાળકો | | | શાળાએ જતાં બાળકો | | | શાળામાંથી અભ્યાસ છોડેલ બાળકો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 334 | 306 | 640 | 296 | 260 | 556 | 38 | 46 | 84 |
| | થલતેજ | 329 | 320 | 649 | 266 | 254 | 520 | 63 | 66 | 129 |
| | નરોડા | 214 | 225 | 439 | 205 | 197 | 402 | 9 | 28 | 37 |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 529 | 464 | 993 | 465 | 406 | 871 | 64 | 58 | 122 |
| ખંભાત | ખંભાત | 205 | 199 | 404 | 188 | 170 | 358 | 17 | 29 | 46 |
| પેટલાદ | પેટલાદ | 169 | 151 | 320 | 154 | 139 | 293 | 15 | 12 | 27 |
| **કુલ** | | **1780** | **1665** | **3445** | **1574** | **1426** | **3000** | **206** | **239** | **445** |

- સર્વેમાં સમાવિષ્ટ કુલ 23,143 વ્યક્તિઓમાં 6 થી 14 વર્ષની ઉંમરના 3,445 (15%) બાળકોનો સમાવેશ થાય છે.
- 3,000 (87%) બાળકો શાળાએ જાય છે, જ્યારે 445 (13%) બાળકોએ અભ્યાસ છોડી દીધો છે. મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણનો 2009નો કાયદો આ વયજૂથ માટે લાગું પડે છે, પરંતુ સફાઇ કામદાર સમાજમાં આજે પણ 13% બાળકો પ્રાથમિક શિક્ષણ પૂરૂં કરતાં નથી.
- પ્રાથમિક શિક્ષણ છોડી દેનાર બાળકોમાં 206 (12%) છોકરાઓ છે અને 239 (14%) છોકરીઓ છે.

**કોષ્ટક 35: શિક્ષણની સ્થિતિ - 15 થી 19 વર્ષનું વયજૂથ**

| શહેર | વિસ્તારનું નામ | કુલ કિશોર/કિશોરીઓ | | | શાળાએ જતાં કિશોર/કિશોરીઓ | | | અભ્યાસ છોડી દીધેલા કિશોર / કિશોરીઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 238 | 199 | 437 | 68 | 33 | 101 | 170 | 166 | 336 |
| | થલતેજ | 276 | 220 | 496 | 86 | 43 | 129 | 190 | 177 | 367 |
| | નરોડા | 187 | 155 | 342 | 77 | 69 | 146 | 110 | 86 | 196 |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 388 | 332 | 720 | 150 | 86 | 236 | 238 | 246 | 484 |
| ખંભાત | ખંભાત | 182 | 156 | 338 | 56 | 42 | 98 | 126 | 114 | 240 |
| પેટલાદ | પેટલાદ | 127 | 91 | 218 | 42 | 31 | 73 | 85 | 60 | 145 |
| | **કુલ** | **1398** | **1153** | **2551** | **479** | **304** | **783** | **919** | **849** | **1768** |

- સર્વે કરાયેલ કુલ 23,143 વ્યક્તિઓમાં 15 થી 19 વર્ષના જૂથમાં 2,551 (11%) કિશોરો અને કિશોરીઓનો સમાવેશ થાય છે.
- 2,551 માંથી માત્ર 783 (31%) કિશોર – કિશોરીઓ માધ્યમિક અને ઉચ્ચ-માધ્યમિક શાળાનો અભ્યાસ ચાલું રાખે છે. 1,768 (69%) કિશોર – કિશોરીઓએ અભ્યાસ છોડી દીધો છે. આમ 69% કિશોર-કિશોરીઓ શિક્ષણમાંથી બહાર નીકળી ગયાં છે.
- 919 (67%) કિશોરો અને 849 (74%) કિશોરીઓ શિક્ષણ છોડીને કામે લાગી ગયા છે કે ઘરે બેઠા છે.

**કોષ્ટક 36: ઉચ્ચ શિક્ષણ મેળવતા યુવક / યુવતીઓની સ્થિતિ - 20 થી 23 વર્ષનું વયજૂથ**

| શહેર | વિસ્તારનું નામ | કુલ યુવક / યુવતીઓ | | | કોલેજનો અભ્યાસ કરતાં યુવક / યુવતીઓ | | | કોલેજનો અભ્યાસ છોડી દીધેલ યુવક / યુવતીઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 199 | 188 | 387 | 9 | 7 | 16 | 190 | 181 | 371 |
| | થલતેજ | 220 | 222 | 442 | 10 | 6 | 16 | 210 | 216 | 426 |
| | નરોડા | 188 | 155 | 343 | 14 | 7 | 21 | 174 | 148 | 322 |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 338 | 334 | 672 | 10 | 5 | 15 | 328 | 329 | 657 |
| ખંભાત | ખંભાત | 161 | 130 | 291 | 9 | 7 | 16 | 152 | 123 | 275 |
| પેટલાદ | પેટલાદ | 105 | 102 | 207 | 12 | 4 | 16 | 93 | 98 | 191 |
| | **કુલ** | **211** | **1131** | **2342** | **64** | **36** | **100** | **1147** | **1095** | **2242** |

- સર્વે કરાયેલ કુલ 23,143 વ્યક્તિઓમાં 20 થી 23 વર્ષના 2,342 (10%) યુવકો અને યુવતીઓનો સમાવેશ થાય છે, જેઓ કોલેજમાં શિક્ષણ મેળવવાની ઉંમરમાં છે.
- 2,342 માંથી ફક્ત 100 (4%) યુવકો અને યુવતીઓ કોલેજમાં અભ્યાસ કરી રહ્યાં છે.
- 2,342માંથી માત્ર 64 (5%) યુવકો છે અને તેથી પણ ઓછી 36 (3%) યુવતીઓ જ કોલેજમાં અભ્યાસ કરે છે. આ બતાવે છે કે સફાઈ કામદાર સમાજના ફક્ત 4% સભ્યો જે કોલેજ સુધીનું ઉચ્ચ શિક્ષણ મેળવે છે.
- 20 થી 23 વર્ષના વયજૂથમાં મોટી બહુમતી - 2,242 (96%) યુવકો અને યુવતીઓ કોલેજમાં ભણવા જતા જ નથી.

**કોષ્ટક 37: ધોરણ 10 સુધીના શિક્ષણની સ્થિતિ - 17 થી 25 વર્ષની ઉંમરના જૂથમાં**

| શહેર | વિસ્તારનું નામ | કુલ બાળકો | | | ધોરણ 10માં ભણતા અથવા ધોરણ 10નો અભ્યાસ પૂરો કરનારની સંખ્યા | | | ધોરણ 10નો અભ્યાસ છોડી દીધેલની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 445 | 393 | 838 | 215 | 98 | 313 | 230 | 295 | 525 |
| | થલતેજ | 509 | 457 | 966 | 265 | 126 | 391 | 244 | 331 | 575 |
| | નરોડા | 380 | 308 | 688 | 265 | 159 | 424 | 115 | 149 | 264 |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 751 | 717 | 1468 | 456 | 301 | 757 | 295 | 416 | 711 |
| ખંભાત | ખંભાત | 356 | 303 | 659 | 225 | 151 | 376 | 131 | 152 | 283 |
| પેટલાદ | પેટલાદ | 255 | 216 | 471 | 198 | 140 | 338 | 57 | 76 | 133 |
| | **કુલ** | **2696** | **2394** | **5090** | **1624** | **975** | **2599** | **1072** | **1419** | **2491** |

- 17 થી 25 વર્ષના વયજૂથમાં 5,090 (22%) યુવાઓનો સમાવેશ થાય છે. અમે આ વયજૂથની ગણતરી એટલાં માટે કરી કે સફાઈ કામદાર સમાજમાં ધોરણ 10 સુધીનું શિક્ષણ પૂરૂં કરનાર વ્યક્તિઓની સંખ્યા ગણી શકીએ.
- આ વયજૂથમાં 2,599 (51%) યુવાઓએ ધોરણ 10 સુધીનો અભ્યાસ પૂરો કર્યો છે. લગભગ અડધી સંખ્યામાં 2,491 (49%) યુવાઓ ધોરણ 10 સુધીનો અભ્યાસ પણ પૂરો કરતાં નથી.
- 1,072 (40%) કિશોરો અને યુવાનો છે જ્યારે 1,419 (60%) કિશોરીઓ અને યુવતીઓ ધોરણ 10 સુધીનો અભ્યાસ પણ પૂરો કરતાં નથી.

**કોષ્ટક 38: ઉચ્ચતર શિક્ષણની સ્થિતિ- 23 થી 30ના ઉંમરનું જુથ**

| શહેર | વિસ્તારનું નામ | કુલ યુવક / યુવતીઓ | | | સ્નાતક / ડીગ્રી સુધીનો અભ્યાસ પૂરો કર્યો છે તેવા યુવક/ યુવતીઓ | | | સ્નાતક / ડીગ્રી સુધીનો અભ્યાસ નથી પૂરો કર્યો તેવા યુવક/ યુવતીઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| અમદાવાદ | વેજલપુર | 315 | 300 | 615 | 12 | 2 | 14 | 303 | 298 | 601 |
| | થલતેજ | 379 | 361 | 740 | 17 | 10 | 27 | 362 | 351 | 713 |
| | નરોડા | 267 | 254 | 521 | 23 | 10 | 33 | 244 | 244 | 488 |
| | અમરાઈવાડી અને ગોમતીપુર | 653 | 672 | 1325 | 29 | 22 | 51 | 624 | 650 | 1274 |
| ખંભાત | ખંભાત | 250 | 262 | 512 | 18 | 7 | 25 | 232 | 255 | 487 |
| પેટલાદ | પેટલાદ | 221 | 223 | 444 | 25 | 12 | 37 | 196 | 211 | 407 |
| | **કુલ** | **2085** | **2072** | **4157** | **124** | **63** | **187** | **1961** | **2009** | **3970** |

- 23 થી 30 વર્ષની ઉંમરમાં 4,157 (18%) યુવાઓએ સમાવેશ થાય છે. અમે આ વયજૂથની ગણતરી એટલાં માટે કરી કે જેથી સફાઈ કામદાર સમાજમાં ઉચ્ચ શિક્ષણની સ્થિતિની જાણકારી મળી શકે.
- 4,157 માંથી ફક્ત 187 (4%) યુવાઓએ સ્નાતક / ડીગ્રી કોલેજ સુધીનો અભ્યાસ પૂરો કરેલ છે. આમાંથી 124 (6%) યુવકો છે અને 63 (3%) યુવતીઓ છે, જેઓએ ડીગ્રી સુધીનું ભણતર પૂરૂં કર્યું છે.

# અનુસૂચિ 1 : સર્વે ફોર્મ

- **કુટુંબની પ્રાથમિક માહિતી**

ફોર્મ નંબર: ________

કુટુંબની મુખ્ય વ્યક્તિનું નામ : ________________________________ સંપર્ક નં. : ____________________

સરનામું :______________________________, વિસ્તાર/ગામ :______________ શહેર : ___________

**1. કુટુંબના સભ્યોની માહિતી.**

| ક્રમ | નામ | સ્ત્રી/પુ | ઉંમર | શિક્ષણ<br>1. સરકારી શાળા/ કોલેજમાં અભ્યાસ ચાલુ<br>2. ખાનગી શાળા/ કોલેજમાં અભ્યાસ ચાલુ<br>3. પૂર્ણ કરેલ અભ્યાસ | કેટલું ભણતર ? | સ્થિતિ<br>1. વિધવા<br>2. વિકલાંગ | વ્યવસાય<br>1. સફાઈકામ<br>2. અન્ય | રોજગારનો પ્રકાર<br>1. સ્વરોજગાર<br>2. મજુરી<br>3. સરકારી (કોન્ટ્રાક્ટ)<br>4. સરકારી (કાયમી)<br>5. ખાનગી | બેંક ખાતું (હા/ના) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | | | | | | |
| 2 | | | | | | | | | |
| 3 | | | | | | | | | |
| 4 | | | | | | | | | |
| 5 | | | | | | | | | |
| 6 | | | | | | | | | |
| 7 | | | | | | | | | |
| 8 | | | | | | | | | |

**2. કુટુંબના સભ્યોના અધિકારપત્રોની માહિતી (હા કે ના લખો).**

| ક્રમ | આધાર | મતદાર | પાન | જ્ઞાતિ પ્રમાણપત્ર | જન્મ પ્રમાણપત્ર | આવકનો દાખલો | અમૃતમ (મા કાર્ડ) | આયુષ્યમાન ભારત કાર્ડ | અસંગઠિત ક્ષેત્ર કામદાર કાર્ડ | સ્લમ સર્વે કાર્ડ | રેશન કાર્ડ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | | | | | | | | |
| 2 | | | | | | | | | | | |
| 3 | | | | | | | | | | | |
| 4 | | | | | | | | | | | |
| 5 | | | | | | | | | | | |
| 6 | | | | | | | | | | | |
| 7 | | | | | | | | | | | |
| 8 | | | | | | | | | | | |

3. કુટુંબમાં કમાતા સભ્યોની સંખ્યા : પુરુષઃ __________ સ્ત્રીઃ _________ કુલઃ ___________

4. કુટુંબની માસિક આવક (રૂપિયામાં) : ________________

5. જયારે તમારે પૈસાની જરૂર પડે છે ત્યારે કોની પાસેથી લો છો ? (ખરાની નિશાની કરો-એકથી વધારે વિકલ્પ પસંદ કરી શકે છે).

| કયા હેતુ માટે પૈસાની જરૂર પડે છે ? | ☐ તમે કોની પાસેથી પૈસા ઉધાર લો છો ? |
|---|---|
| ☐ ✦ બીમારી | ☐ ✦ શાહુકાર/નાણા ધીરનાર |
| ☐ ✦ શિક્ષણ | ☐ ✦ બેંક |
| ☐ ✦ મકાનની ખરીદી | ☐ ✦ સહકારી મંડળી |
| ☐ ✦ સામાજિક કે ધાર્મિક પ્રસંગો | ☐ ✦ ફાયનાન્સ કંપની |
| ☐ ✦ નવો વ્યવસાય શરૂ કરવા | ☐ ✦ સબંધી/મિત્રો |
| ☐ ✦ અન્ય ___________ | |

6. મકાનનો પ્રકાર (ખરાની નિશાની કરો).

ઝુપડું ☐, કાચું મકાન ☐, પાકું મકાન(ફલેટ) ☐, પાકું મકાન (ટેનામેન્ટ)☐, પાકું મકાન(રો હાઉસ) ☐.

7. મકાનની માલિકી (ખરાની નિશાની કરો).

ભાડેથી ☐, પોતાનું ☐, અન્ય(સરકારી/ખાનગી જમીન પર) ☐.

8. છેલ્લાં ૫ વર્ષમાં આવાસની સરકારી યોજના માટે (ખરાની નિશાની કરો).

* અરજી કરેલ છે. ☐ *લાભ મળેલ છે. *અરજી કરેલ નથી. ☐ *લાભ મળેલ નથી. ☐

9. તમારા કુટુંબમાં નીચેમાંથી કઈ કઈ સુવિધાઓ છે ? (ખરાની નિશાની કરો).

*ગેસનું જોડાણ☐ *શૌચાલય☐ *પાણીનું જોડાણ☐* વીજળીનું જોડાણ☐

10. તમારા કુટુંબમાં છેલ્લે કયા સભ્યનું મૃત્યુ થયું ?

| | |
|---|---|
| પુરૂષ/સ્ત્રી | |
| કયા વર્ષમાં મૃત્યુ થયેલ ? | |
| કેટલી ઉમરમાં મૃત્યુ થયેલ ? | |
| મૃત્યુનું કારણ | |

11. જો તમારા કુટુંબમાં કોઈ સભ્ય બીમાર પડે તો ક્યાં જાવ છો ? (ખરાની નિશાની કરો):

| | | |
|---|---|---|
| નાની બીમારી માટે | ખાનગી દવાખાનું ☐ | અર્બન હેલ્થ સેન્ટર/<br>પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/<br>સામુહિક આરોગ્ય કેન્દ્ર ☐ |
| લાંબી/ગંભીર બીમારી માટે | ખાનગી હોસ્પિટલ ☐ | સરકારી હોસ્પિટલ ☐ |

12. અન્ય માહિતી :

માહિતી આપનારનું નામઃ ______________________

સર્વે કરનારનું નામઃ ________________________________ સર્વેની તારીખઃ ________________________

# અનુસૂચિ 2 : સર્વેક્ષણમાં આવરી લેવાયેલ વિસ્તારોની યાદી

| અમદાવાદ | | |
|---|---|---|
| વિસ્તાર | પેટા વિસ્તાર | |
| **અમદાવાદ શહેર** | | |
| | 1. બાપુનગર | 7. માયા નગર |
| | 2. સૈજપુર બોઘા | 8. કુબેર નગર |
| | 3. ચેહર નગર | 9. આદિશ્વર નગર |
| | 4. ગોકુલ નગર | 10. મેમ્કો |
| | 5. વિજયારાજે સિંધિયા નગર | 11. ઠક્કરબાપા નગર |
| | 6. રળિયામણું નગર | |
| **થલતેજ** | | |
| | 1. મલાવ તળાવ | 6. ઘાટલોડિયા |
| | 2. વસંતનગર ટાઉનશીપ | 7. ગોતા |
| | 3. હેબતપુર | 8. સોલા |
| | 4. વસ્ત્રાપુર | 9. શિલજ |
| | 5. બોડકદેવ | 10. નહેરુ નગર |
| **વેજલપુર** | | |
| | 1. વેજલપુર | 7. અન્તરિક્ષ નગર |
| | 2. સાલપરા | 8. ગુપ્તા નગર |
| | 3. બુટભવાની | 9. જોધપુર |
| | 4. રામદેવ નગર | 10. આનંદ નગર |
| | 5. મકરબા | 11. જીવરાજ પાર્ક |
| | 6. શ્રીનંદ નગર | 12. વાસણા |
| **અમરાઈવાડી અને ગોમતીપુર** | | |
| | 1. અમરાઈવાડી | 9. ખોડિયાર નગર |
| | 2. મહાલક્ષ્મી નગર | 10. સી. ટી. એમ. |
| | 3. જોગમાયા નગર | 11. ગોમતીપુર |
| | 4. ભાઈપુરા | 12. રખિયાલ |
| | 5. પરિક્ષિતલાલ નગર | 13. ઈસનપુર |
| | 6. બહેરામપુરા | 14. ખાડિયા |
| | 7. બાપુ નગર | 15. લાંભા |
| | 8. હાટકેશ્વર | |
| | **પેટલાદ** | |
| **પેટલાદ શહેર** | | |
| | 1. ઓઝાવાળી ભાગોળ | 6. જેશરવા |
| | 2. નૂર તલાવડી | 7. માનપુરા |

| | | |
|---|---|---|
| | 3. ખંભાતી ભાગોળ | 8. પાડગોળ |
| | 4. સોહંગ સિનેમાવાળી ભાગોળ | |
| | 5. આશી | |
| **પેટલાદ ગ્રામ્ય / ઉપનગર** | | |
| | 1. પાડજ | 12. અરડી |
| | 2. સુણાવ | 13. વિશ્નોલી |
| | 3. ભાટીયેલ | 14. મોરડ |
| | 4. લક્કડપુરા | 15. વટાવ |
| | 5. દાવલપુરા | 16. ભવાનીપુરા |
| | 6. સીમરડા | 17. વિશ્રામપુરા |
| | 7. બોરીયા | 18. સુદરણા |
| | 8. દંતેલી | 19. આમોદ |
| | 9. ભૂરાકોઈ | 20. ફાંગણી |
| | 10. ખડાણા | 21. શીલવાઈ |
| | 11. જોગણ | |
| | **ખંભાત** | |
| **ખંભાત શહેર** | | |
| | 1. અકબરપુર | 9. માછીપૂરા |
| | 2. આંબાખડ રોડ | 10. પાંચ હાટડી |
| | 3. બાવા બાજીશાહ | 11. પાયગા ભાગોળ |
| | 4. પીરજપુર | 12. ત્રણ દરવાજા |
| | 5. દડીબા | 13. ફૂલ કુવા |
| | 6. ખારીવાડ | 14. સર્વોદય |
| | 7. ફતેહ દરવાજા | |
| | 8. ગાયત્રી નગર | |
| **ખંભાત ગ્રામ્ય / ઉપનગર** | | |
| | 1. ભુવેલ | 12. રાલેજ |
| | 2. દહેડા | 13. શકરપુર |
| | 3. જીણજ | 14. સોખડા |
| | 4. કંસારી | 15. ઉંદેલ |
| | 5. લૂણેજ | 16. વાસણા |
| | 6. મેતપુર | 17. વત્રા |
| | 7. નગરા | 18. મોટા કલોદરા |
| | 8. નેજા | 19. નાના કલોદરા |
| | 9. પાલડી | 20. વિશ્નોલી |
| | 10. પીપલોજ | 21. જોગણ |
| | 11. પોપટપુરા | 22. અગાસ |

**ગરિમા કાર્યક્રમ**

**જનવિકાસ**

સી-105, રોયલ ચિન્મય, આઈ. ઓ. સી. પેટ્રોલ પંપ સામે,
જજીસ બંગલોઝ પાસે, બોડકદેવ, અમદાવાદ 380054
ફોનઃ 079-61346500
ઈ-મેઈલઃ janvikas@janvikas.in,  વેબસાઈટ www.janvikas.in